કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. ૨૭/૦૪/૨૦૨૬ | અંક નં.:૧૭ | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100 | Date: 27/04/2026 | Issue No.: 17 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## ઈડર પાસે સ્ટેટ હાઈવે પર કાર અને ટી-સ્ટોલ આગમાં સ્વાહા






સાબરકાંઠા (Sabarkantha) જિલ્લાના ઈડર (Idar) પંથકમાં આજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. ઈડર-અંબાજી સ્ટેટ હાઈવે (Idar-Ambaji State Highway) પર મુસાફરી કરી રહેલી એક સ્કોર્પિયો કાર (Scorpio Car) અચાનક આગનો ગોળો બની ગઈ હતી, જેના કારણે હાઈવે પર દોડધામ મચી ગઈ હતી. ઈડરના રાણી તળાવ (Rani Talav) પાસે હાઈવે પરથી પસાર થઈ રહેલી સ્કોર્પિયો કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર અનિયંત્રિત થઈને રોડની બાજુમાં આવેલા એક ટી-સ્ટોલમાં (Tea Stall) ધડાકાભેર ઘૂસી ગઈ હતી. કાર દુકાનમાં અથડાતાની સાથે જ તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું કે લક્ઝરી કારની સાથે સાથે ટી-સ્ટોલ પણ બળીને ખાખ થઈ ગયો હતો. આ અકસ્માત અત્યંત ભયાનક હતો, પરંતુ રાહતની વાત એ છે કે કારમાં સવાર લોકો સમયસર બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા. કાર આગની લપેટમાં આવે તે પહેલાં જ તમામ મુસાફરો સુરક્ષિત રીતે ઉતરી ગયા હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાને પગલે આસપાસના સ્થાનિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ આ ઘટના અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડની (Fire Brigade) ટીમને જાણ કરી હતી. ફાયર ફાઈટરોનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. અકસ્માતને કારણે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, પરંતુ જાનહાનિ ન થતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

**ફાયર બ્રિગેડની મેહનતથી આગ પર કાબૂ**

---

## પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત સુરેશભાઈ સોનીનું અવસાન



સાબરકાંઠા જિલ્લામાં સેવાભાવી વ્યક્તિત્વ તરીકે જાણીતા પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત સુરેશભાઈ સોનીનું હૃદયરોગના હુમલાને કારણે દુઃખદ અવસાન થયું છે. હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.સુરેશભાઈ સોનીએ જીવનભર કુષ્ઠરોગીઓની નિઃસ્વાર્થ સેવા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. કુષ્ઠરોગીઓની સેવા અને સમાજકલ્યાણ ક્ષેત્રે કરેલા અવિસ્મરણીય યોગદાન બદલ તેમને ભારત સરકાર દ્વારા આપવામાં આવતા દેશના પ્રતિષ્ઠિત પદ્મશ્રી પુરસ્કારથી રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.કુષ્ઠરોગીઓની સતત સેવા અને સંભાળ માટે તેમણે હિંમતનગરના રાજેન્દ્રનગર વિસ્તારમાં સેવા આશ્રમની શરૂઆત કરી હતી, જ્યાં અનેક જરૂરિયાતમંદોને આશરો અને સેવા મળી રહી હતી.તેમના અવસાનના સમાચારથી સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. સમાજસેવા ક્ષેત્રે તેમનું યોગદાન અવિસ્મરણીય રહેશે.




## હિંમતનગર તાલુકાના ગાંભોઇ પોલીસ સ્ટેશન ની વાવડીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો , ગાંભોઇ પોલીસે ગામ ના જ યુવાનને મુદ્દામાલ સાથે ઝડપી લીધો

હિંમતનગર તાલુકાના ગાંભોઇ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ વાવડી ગામે બે દિવસ અગાઉ એક મકાનમાં આશરે રૂપિયા 8.36 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી.ફરિયાદના આધારે ગાંભોઇ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે વાવડી ગામના જ સુનિલસિંહ બાદલસિંહ મકવાણાને શકમંદ તરીકે અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી હતી.કડક પૂછપરછ દરમિયાન આરોપીએ જશવંતસિંહ બાલુસિંહ મકવાણાના ઘરમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમજ ચોરાયેલ સોના-ચાંદીના દાગીના અને રોકડ ડુંગર ઉપર એક સ્થળે સંતાડી રાખ્યા હોવાનું જણાવ્યું હતું.પોલીસે આરોપીને સાથે રાખી સ્થળ પરથી આશરે રૂપિયા 8.36 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગાંભોઇ પોલીસે ટૂંકા સમયમાં ચોરીનો ભેદ ઉકેલી સફળ કામગીરી કરી છે.

**ગાંભોઇ પોલીસ આરોપી ઝડપાયો ચોરાયેલ દાગીના અને રોકડ ડુંગર કબ્જે..**

****************************************************************************************************



# હિંમતનગર એ-ડિવિઝન પોલીસ દ્વારા ગેરકાયદેસર દારૂ વિરુદ્ધ અસરકારક કાર્યવાહી કરતાં એક ઇસમને સીએનજી રિક્ષા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે અને કુલ રૂ. 1,22,320/- નો મુદ્દામાલ કબજે........

નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ (IPS), ગાંધીનગર વિભાગ તથા પોલીસ અધિક્ષક શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ (IPS), સાબરકાંઠા ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ માટે કડક પેટ્રોલિંગ અને વોચ રાખવામાં આવી રહી છે. વિભાગીય પોલીસ અધિકારી શ્રી એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.વાય. વ્યાસ, એ-ડિવિઝન પોલીસ સ્ટેશન, હિંમતનગર તથા સર્વેલન્સ સ્ક્વોડ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમીના આધારે સુંદરગઢ ગામની સીમમાં હાઈવે રોડ ઉપર વાહન ચેકિંગ ગોઠવવામાં આવ્યું હતું. આ દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોડના અ.પો.કો. જ્ઞાનદિપસિંહ વિજયસિંહ તથા અ.પો.કો. મિતરાજસિંહ રણજીતસિંહની ટીમે શંકાસ્પદ સી.એન.જી. રિક્ષા (રજી. નં. GJ-31-X-2387)ને રોકી તપાસ કરતાં ડ્રાઈવર સીટ નીચે તથા પાછળની સીટમાં રાખેલ થેલાઓમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની જુદી જુદી બ્રાન્ડની કુલ 111 બોટલો મળી આવી. પોલીસ દ્વારા દારૂ તથા બીયર (કિંમત રૂ. 47,320/-), મોબાઈલ ફોન (રૂ. 5,000/-) અને રિક્ષા (રૂ. 70,000/-) મળી કુલ રૂ. 1,22,320/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# હિંમતનગરના જાણીતા તબીબનું નિધન



હિંમતનગરના સંઘ રોડ પર વર્ષોથી નર્સિંગ હોમ ચલાવતા જાણીતા તબીબ રણછોડભાઇ શંભુભાઇ પટેલનું શુક્રવારે લાંબી માંદગી બાદ નિધન થયું છે. તેઓ છેલ્લા દોઢ વર્ષથી તબીબી વ્યવસાયથી અલિપ્ત હતા. તેમનું નિધન બાદ પરિવારજનો દ્વારા રવિવાર તા.૨૬ એપ્રિલના રોજ તેમની સ્મશાનયાત્રા નિવાસ સ્થાનેથી નિકળશે. જાણીતા તબીબના નિધન બાદ હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે રહેતા તેમના શુભચિંતકોએ પરિવારનો સંપર્ક કરી સાંત્વના પાઠવી હતી.


## 📢 માનદ ખબરપત્રીઓની નિમણૂક કરવાની છે

સાબર રિપોર્ટર ન્યૂઝપેપર (સાપ્તાહિક) દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિમતનગર, ઇડર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકાના દરેક ગામમાં માનદ ખબરપત્રીઓની નિમણૂક કરવામાં આવશે.

**📍 રજી. સરનામું:**

**સાબર રિપોર્ટર ન્યૂઝપેપર (સાપ્તાહિક)**

**૮૯૨, મુસ્લિમ વિસ્તાર, દૂધ ડેરી નજીક, ગંભીરપુરા, તા. ઇડર, જી. સાબરકાંઠા – ૩૮૩૪૩૦**

📞 સંપર્ક:

મો. ૯૮૯૮૯૯૩૯૮૫ (વોટ્સએપ દ્વારા સંપર્ક કરો)

✉ Email: email.badshahpathan@gmail.com

🌐 વેબસાઈટ: www.sabarreporternewspaper.in




# ઈડરના ઉમેદપુરા ખાતે રોહિત સમાજ દ્વારા ભવ્ય સમૂહ લગ્નોત્સવનુ આયોજન...

ઉમેદપુરા ગામે આગામી તા.૨૬.૪.૨૦૨૬ રવિવારના દિવસે દેહ પરગણા રોહિત સમાજ દ્વારા પ્રથમ સમૂહ લગ્નનુ આયોજન ઉમેદપુરા ચોકડી ખાતે ભવ્ય આયોજન કરાયુ છે ઉમેદપુરા ખાતે રોહિત સમાજ દ્વારા સમૂહ લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી છે આ સમૂહ લગ્નમા ૨૧ યુગલો પ્રભુતામા પગલાં પાડશે સમૂહ લગ્ન ૧૨.૦૦ વાગ્યા સુધીમા પૂર્ણ થાય તેવુ સમાજ દ્વારા આયોજન કરાયુ છે સમુહલગ્નોત્સવ પ્રસંગના દિવસે જીલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીનુ મતદાન હોઈ સમૂહ લગ્નોત્સવ વિધિ પૂર્ણ થયા બાદ નવદંપતીઓ સાંજ સુધીમા મતદાન કરી શકે છે જેથી ૨૧ યુગલો દ્વારા રાષ્ટ્ર પ્રત્યેની ફરજ મતદાન કરીને અદા કરશે દેહ પરગણા રોહિત સમાજના આગેવાનો દ્વારા આજે પત્રકાર મિત્રોને આ અંગે માહિતી અપાઈ હતી

# પોશીના ગણેરમાં ખેતર ભેલાણ કરવા બાબતે ઝઘડો થતાં બે વિરૂધ્ધ ફરિયાદ.....

સાબરકાંઠા જિલ્લાના પોશીના પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ગણેર ગામની સીમમાં બે દિવસ અગાઉ ખેતરમાં વાવેતર કરેલ દિવેલાના પાકમાં બે જણાએ પશુઓ ચરાવી દઇ ભેલાણ કરી મારા મારી હોવાના આક્ષેપ સાથેની ફરિયાદ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવાઇ હતી.આ અંગે ગણેર ગામે રહેતા રમેશ જોરાભાઇ ગમારે નોંધાવેલી ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૧૮ એપ્રિલના રોજ સવારના સુમારે તેમના ખેતરમાં શૈલેષ અરજણભાઇ ગમાર, અરજણ લુંબાભાઇ ગમાર ઢોર લઇને દિવેલાવાળા ખેતરમાં જઇ પાકને નુકશાન કર્યુ હતુ. જે અંગે કહેવા જતાં શૈલેષ ગમારે ઉશ્કેરાઇ જઇ કુહાડીથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ અરજણ ગમારે પણ ઉપરાણુ લઇ આવી ગડદાપાટુનો માર મારી બન્ને જણાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી રમેશ ગમારે બન્ને વિરૂધ્ધ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કલોલ તાલુકાના વડસર ગામનો ખુનના ગુનાનો કેદી કલોલના વડસરમાંથી પકડાયો

કલોલ તાલુકાના વડસર ગામનો એક શખ્સ ખુનના ગુનામાં દોષિત જાહેર થયા બાદ અમદાવાદની મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહ્યો હતો. ત્યારે સાત દિવસના પેરોલ પર આવેલ આ શખ્સ ફરીથી જેલમાં હાજર થયો ન હતો. દરમિયાન સાબરકાંઠા એલસીબીને મળેલી બાતમી બાદ તેને સોમવારે વડસરમાંથી ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કર્યા બાદ સાબરકાંઠા એલસીબીએ તેને અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.આ અંગે એલસીબી પીઆઇ ડી.સી. સાકરીયા તથા સ્ટાફના જણાવ્યા મુજબ એક વર્ષ અગાઉ ખુનના ગુનામાં સંડોવાયેલ વડસર ગામનો અજય ઉર્ફે ચકો ઠાકોર તથા રાહુલ ઉર્ફે ખિસ્કોલી એમ બન્ને જણાએ તિક્ષણ હથીયારથી અમરજીત હોંસલાપ્રસાદ ચૌહાણ પર ઘાતક હુમલો કરી ખુન કર્યુ હતુ. જે અંગે સ્થાનિક કોર્ટે બન્ને ગુનેગાર ઠેરવી જેલમાં મોકલવાનો હુકમ કર્યો હતો.તો બીજી તરફ અજય ઉર્ફે ચકો દિલીપજી ઠાકોર પેરોલ રજા ઉપર આવ્યા બાદ ફરીથી જેલમાં હાજર થયો ન હતો. તો બીજી તરફ સાબરકાંઠા એલસીબીને મળેલી બાતમી બાદ તેને એલસીબીએ વડસર ગામેથી ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કર્યા બાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

****************************************************************************************************

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ: 25 હજારથી વધુ ઉમેદવારોનું ભવિષ્ય ઈવીએમમાં સીલ, હવે પરિણામોની રાહ




ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે તા. 26 એપ્રિલ, 2026ના રોજ યોજાયેલ મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને ઉત્સાહભેર પૂર્ણ થઈ ગઈ છે. રાજ્યભરમાં લાખો મતદારો વહેલી સવારથી જ મતદાન મથકો પર ઉમટી પડ્યા હતા અને લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ નિભાવી હતી. આ ચૂંટણીમાં 25 હજારથી વધુ ઉમેદવારોના રાજકીય ભવિષ્યનો નિર્ણય હવે ઈવીએમ મશીનોમાં સીલ થઈ ગયો છે, જેના પરિણામો જાહેર થતાં જ રાજ્યની સ્થાનિક રાજકીય દિશા સ્પષ્ટ થશે.આ ચૂંટણી અંતર્ગત રાજ્યની કુલ 15 મહાનગરપાલિકાઓ, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. ઉપરાંત, 11 નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે પણ મતદાન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પહેલા જ અનેક બેઠકો બિનહરીફ જાહેર થઈ જતા કેટલીક જગ્યાએ સીધી જીત નોંધાઈ હતી, જ્યારે બાકીની બેઠકો પર કડક અને રસપ્રદ રાજકીય જંગ જોવા મળ્યો હતો. આ કારણે હવે મુખ્યત્વે 9263 બેઠકો પર મતદાન યોજાઈ અને તેમાં જ મુખ્ય રાજકીય ટક્કર સર્જાઈ હતી.મતદાન દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. યુવા મતદારો, મહિલાઓ તેમજ વરિષ્ઠ નાગરિકોએ પણ મોટી સંખ્યામાં મતદાનમાં ભાગ લીધો હતો. ચૂંટણી પંચ દ્વારા સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેથી મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ શકે. સુરક્ષા વ્યવસ્થા પણ કડક રાખવામાં આવી હતી જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કેટલીક વિશેષ પરિસ્થિતિઓ પણ સામે આવી હતી. જેમાં અડીયા તાલુકા પંચાયત, તા. હારીજ, જિ. પાટણ અને 11-સતલાસણા તાલુકા પંચાયત, તા. સતલાસણા, જિ. મહેસાણા બેઠકો પર એકપણ ઉમેદવાર દ્વારા ઉમેદવારી ફોર્મ રજૂ ન થતા આ બેઠકો પર ચૂંટણી યોજાઈ નથી.તે ઉપરાંત, 3-આસ્તાન તાલુકા પંચાયત, તા. બારડોલી, જિ. સુરત, 4-દહેગામડા તાલુકા પંચાયત, તા. બાવળા, જિ. અમદાવાદ અને 6-ચિતરીયા તાલુકા પંચાયત, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા બેઠકો પર માન્ય રાજકીય પક્ષના ઉમેદવારોના ચૂંટણી પ્રક્રિયા દરમિયાન અવસાન થવાથી આ ત્રણ બેઠકો માટેની ચૂંટણી હાલ પૂરતી રદ કરવામાં આવી છે.હવે તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો તેમજ જનતા પરિણામોની આતુરતાથી રાહ જોઈ રહી છે. મતગણતરીના દિવસે કોણ જીતશે અને કઈ પાર્ટી સ્થાનિક સ્તરે પોતાની પકડ મજબૂત કરશે તે અંગે વિવિધ અટકળો ચાલી રહી છે. આ ચૂંટણીના પરિણામો રાજ્યના રાજકીય પરિપ્રેક્ષ્યમાં મહત્વપૂર્ણ સાબિત થવાના છે અને આવનારા સમયમાં સ્થાનિક વિકાસની દિશા નક્કી કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.

## ગુજરાતમાં લોકશાહીનો મહોત્સવ પૂર્ણ : 9263 બેઠકો પર મતદાન, અનેક બેઠકો બિનહરીફ

# RTE હેઠળ એડમિશન માટે અઢી લાખ જેટલા ફોર્મ ભરાયા,આ વખતે બેઠક ઘટી અને અરજીઓ




રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી સ્કૂલોમાં ધોરણ 1માં પ્રવેશ માટેની રાજ્ય સરકારની કોમન પ્રક્રિયામાં ફોર્મ ભરવાની મુદત આજે પૂર્ણ થઈ ગઈ છે. ફોર્મ ભરવાની મુદતમાં 6 દિવસ વધુ અપાયા બાદ ભરાયેલા કુલ ફોર્મ વધીને 2,49,946 થયા છે. ગુજરાત સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા 2026-27ના શૈક્ષણિક વર્ષ માટે આર.ટી.ઈ.માં પ્રવેશ માટે ગત 4 એપ્રિલથી 17 એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત આપવામાં આવી હતી. પરંતુ હાલ ચૂંટણીને પગલે અધિકારીઓ ચૂંટણી કામગીરીમાં હોવાથી આવકના દાખલા સહિતના ડોક્યુમેન્ટમાં વાલીઓને મુશ્કેલી ઉભી થતા ફોર્મ ભરવાની મુદત લંબાવવા માંગ કરાઈ હતી. જેને પગલે સરકારે ફોર્મ ભરવાની મુદત 6 દિવસ વધારીને 23 એપ્રિલ સુધી કરી હતી, જે આજે પૂર્ણ થઈ ગઈ છે. આજે સાંજ સુધીમાં કુલ મળીને 2,49,946 વાલીના ઓનલાઈન ફોર્મ સબમીટ થયા છે. આ વર્ષે રાજ્યમાં 9709 ખાનગી સ્કૂલોમાં 25 ટકા બેઠકો મુજબ ઉપલબ્ધ અંદાજિત બેઠકોની સંખ્યા 84,228 છે. જેમાં ગુજરાતી માધ્યમમાં 41,411, અંગ્રેજી માધ્યમમાં 40,262 અને હિન્દી માધ્યમમાં 2,235 તથા અન્ય માધ્યમમાં 320 બેઠકો છે. બે પાળીમાં ચાલતી 56 સ્કૂલો છે. અમદાવાદમાં આરટીઈ હેઠળ ખાનગી સ્કૂલોમાં 14,200 બેઠકો છે, જેના માટે 37,700 વાલીના ફોર્મ ભરાયા છે. ગત વર્ષે 93 હજારથી વધુ બેઠકો રાજ્યભરમાં હતી અને જેની સામે 2.39 લાખ જેટલા ફોર્મ ભરાયા હતા. આમ બેઠકો ઘટવા સામે 11 હજાર વધુ ફોર્મ ભરાયા છે.


# ગુજરાતમાં ગરમી વધશે, 7 દિવસ હીટવેવનું ઍલર્ટ



રાજ્યમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં કાળઝાળ ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આગામી 3 દિવસમાં રાજ્યના તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો નોંધપાત્ર વધારો થશે, જેના પગલે મોટાભાગના શહેરોનું તાપમાન 41થી 43 ડિગ્રી સુધી પહોંચી જવાનું અનુમાન છે. હવામાન વિભાગ અમદાવાદના અધિકારીએ જણાવ્યું કે, '24થી 30 એપ્રિલ સુધી હવામાન સામાન્ય રીતે શુષ્ક રહેશે. આગામી 3 દિવસ સુધી મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેન્ટિગ્રેડનો વધારો થવાની સંભાવના છે અને ત્યારબાદ તેમાં ફરીથી 2થી 3 ડિગ્રીનો ઘટાડો જોવા મળશે. પવનની દિશા પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફ રહેશે અને તેની ઝડપ 15થી 20ની આસપાસ રહેશે. અત્યાર સુધી નોંધાયેલા મહત્તમ તાપમાનના આંકડા જોઈએ તો, સૌથી વધુ તાપમાન રાજકોટમાં 42.7 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતાં 2.8 ડિગ્રી વધારે છે. આ ઉપરાંત, અમદાવાદમાં 41.5 ડિગ્રી અને ગાંધીનગરમાં 40 ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન નોંધાયું છે.' અધિકારીએ જણાવ્યું કે, આગામી 3 દિવસ માટે, ગુજરાતના આંતરિક વિસ્તારોમાં તાપમાન 41થી 43 ડિગ્રી સેન્ટિગ્રેડની વચ્ચે રહેશે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં તે 35થી 40 ડિગ્રી સેન્ટિગ્રેડની અંદર રહેવાની સંભાવના છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં મહત્તમ તાપમાન અને ભેજનું પ્રમાણ સામાન્ય કરતાં વધુ હોવાથી હોટ ઍન્ડ હ્યુમિડ સ્થિતિ રહેશે, જેના કારણે ખાસ કરીને 24મી અને 25મી એપ્રિલના રોજ લોકોને ખૂબ બેચેની અને અગવડતા અનુભવાશે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જ દરિયાકાંઠાના વિસ્તારો માટે યલો ઍલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદની વાત કરું તો, આજે આકાશ મુખ્યત્વે સાફ રહેશે અને તાપમાન 42 ડિગ્રી રહેશે. આગામી ત્રણ દિવસ સુધી પણ અમદાવાદનું તાપમાન 41થી 43 ડિગ્રીની અંદર જ રહેશે; જોકે અમદાવાદ શહેર માટે હાલમાં કોઈ જ ચેતવણી નથી.' હવે અમદાવાદીઓ પોતાના વિસ્તારમાં કેટલી ગરમી પડશે તેની માહિતી સરળતાથી પોતાના મોબાઈલ પર જ મેળવી શકશે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી 7 દિવસની આગાહી અને શહેરના જુદા જુદા વિસ્તારોના મહત્તમ તાપમાનના આધારે આગામી ત્રણ દિવસ માટેના હોટસ્પોટ વિસ્તારોની યાદી તૈયાર કરવામાં આવી છે. લોકો માત્ર એક QR કોડ સ્કેન કરીને અથવા લિંક દ્વારા બપોરે 12થી 5 વાગ્યા દરમિયાન પોતાના વિસ્તારમાં નોંધાનાર મહત્તમ તાપમાનની વિગતવાર માહિતી જાણી શકશે. લોકોની સુવિધા માટે આ ડેટા દર ત્રણ દિવસે લિંક અને QR કોડમાં અપડેટ કરવામાં આવશે.

**************************************************************************************************

# હિંમતનગરમાં અધૂરા વિકાસ કામો સામે જનરોષ, ગાયત્રી મંદિર રોડ મુદ્દે ઉઠ્યા સવાલો..




હિંમતનગર શહેરનો મુખ્ય માર્ગ ગણાતો ગાયત્રી મંદિર રોડ આજે પણ અધૂરો પડ્યો છે. સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં કામ પૂર્ણ ન થવું શાસકોની બેદરકારી દર્શાવે છે. શહેરના મહત્વના માર્ગોમાંથી એક એવા આ રોડ પર રોજબરોજ હજારો લોકો અવરજવર કરે છે, છતાં કામમાં થતા વિલંબથી નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.લોકોમાં સવાલ ઉઠી રહ્યા છે કે સામાન્ય રોડને પૂર્ણ કરવામાં જો આટલો લાંબો સમય લાગે, તો શહેરના મોટા વિકાસ કામો કેવી રીતે સમયસર પૂર્ણ થશે? વરસાદી મોસમમાં કાદવ, ખાડા અને ટ્રાફિક અવ્યવસ્થાથી વાહનચાલકો, વેપારીઓ અને સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે.વળી શહેરના કેટલાક નગરસેવકો માત્ર ચૂંટણી સમયે જ દેખાયા હતા અને જીત્યા બાદ પાંચ વર્ષ દરમિયાન પ્રજાના પ્રશ્નોમાં નજરે પડ્યા નથી તેવી ચર્ચાઓ જનમાનસમાં તેજ બની છે. લોકોને હવે માત્ર વચનો નહીં, પરંતુ જવાબદારીપૂર્વક કામ કરનાર પ્રતિનિધિઓની જરૂર છે આ પરિસ્થિતિમાં "નો રિપીટ થિયરી" અમુક અંશે યોગ્ય લાગી રહી છે. વિકાસ અટકાવનાર, પ્રજાથી દૂર રહેનાર અને જવાબદારી ન નિભાવનાર ચહેરાઓ સામે હવે જનતા મતદાન દ્વારા જવાબ આપે તેવી ચર્ચા શહેરમાં જોર પકડી રહી છે.હજુ પણ થોડા ઘણા એવા પ્રતિનિધિઓ છે, જેઓ લોકો વચ્ચે રહી કામગીરી કરે છે અને જનપ્રશ્નો ઉકેલવા પ્રયત્નશીલ છે. જનતા હવે કામ કરનાર અને માત્ર દેખાવ કરનાર વચ્ચેનો તફાવત સારી રીતે સમજી ચૂકી છે.

# હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં મગફળી ભરેલ ટ્રકમાં આગ લાગવાની ઘટના







હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં મગફળી ભરેલ ટ્રકમાં આગ લાગવાની ઘટના સામે આવી છે, જેમાં મગફળીનો મોટાપાયે નુકસાન થયું છે. મળતી માહિતી મુજબ હિંમતનગર નજીક આવેલા નુરપુરા ખાતેથી મગફળી ભરીને જુનાગઢ તરફ જતી ટ્રક કડીવાલા પેટ્રોલ પંપ નજીક પહોંચી હતી. ટ્રકની ઊંચાઈ વધુ હોવાને કારણે ડ્રાઈવર દ્વારા યોગ્ય સાવચેતી ન રાખાતા ટ્રક ઉપરથી પસાર થતા વિજળીના તારને અડી જતાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની જાણ થતાં જ હિંમતનગર ફાયર વિભાગ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને ઝડપથી કામગીરી હાથ ધરી આગ પર કાબુ મેળવ્યો હતો. આ દરમિયાન ટ્રકમાં ભરેલ મગફળીનો મોટા પ્રમાણમાં નાશ થયો હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગવાની ઘટના બાદ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્રિત થતા વિસ્તારમાં ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. જોકે ગુજરાત પોલીસ તથા ટ્રાફિક પોલીસના સ્ટાફે તાત્કાલિક કાર્યવાહી કરી ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ બનાવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# હિંમતનગર આરટીઓ પાસે ખુલ્લામાં જુગાર રમતા 8 ઝડપાયા...






હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં આવેલ આરટીઓ પાસેની એક કોલોનીમાં જાળી ઝાંખરાવાળી જગ્યામાં સોમવારે અજાણ્યા શખ્સો જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમતા હોવાની બાતમીને આધારે એલસીબીએ તરત જ બાતમીવાળી જગ્યાએ જઈ જુગાર રમતા આઠ જણાને રંગેહાથ ઝડપી લીધા હતા. ત્યારબાદ પોલીસે તેમની પાસેથી અંદાજે રૂ.૩.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ તેમની વિરુદ્ધ જુગારધારાના ભંગ બદલ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી. આ અંગે એલસીબીના પીઆઈ ડી.સી.સાકરીયા, પીએસઆઈ આર.જે.જાડેજા તથા સ્ટાફના જણાવ્યા મુજબ મંગળવારે તેમને આરટીઓ નજીક આવેલ એક કોલોનીની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો ગંજીપાનાનો તીનપત્તીનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ પોલીસે તરત જ આરટીઓ નજીક આવેલ નુર કોલોનીની જાળી ઝાંખરાવાળી જગ્યામાં જઈ જુગાર રમતા જુગારીઓને કોર્ડન કરી લીધા હતા. ત્યારબાદ પોલીસે જુગાર રમતા આઠ જણાની પૂછપરછ કરી અંગ જડતી લઈ દાવ પર મુકાયેલ રૂ.૩૨૦૦ રોકડા, રૂ.૧૩,૭૫૦ની રોકડ જુગારીઓ પાસેથી મળી આવી હતી. એટલું જ નહીં પરંતુ એલસીબીએ રૂ.૪૦ હજારના આઠ મોબાઈલ, રૂ.૨.૫૦ લાખના પાંચ વાહન મળી અંદાજે રૂ.૩.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ પકડાયેલા આઠેય વિરુદ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.જુગારીઓના નામ- અલ્તાફ કાલુમીયા મલેક (રહે. અંબર સિનેમા રોડ, હિંમતનગર)- સાહીલ સિરાજભાઈ શેખ (રહે. અજમેરી પાર્ક, ચિસ્તીયાનગર)- સમીર સિરાજભાઈ શેખ (રહે. અજમેરી પાર્ક, ચિસ્તીયાનગર)- રહેમાન અકબરઅલી દિવાન (રહે. નફીસા મસ્જીદ પાસે, પરબડા)- રમીજ મહોમદ રફીક શેખ (રહે. આશીયાના સોસાયટી, પોલોગ્રાઉન્ડ)- શાહનવાજ સિરાજુદ્દીન શેખ (રહે. ચાંદનગર)- સોહિલસા હાસમસા દિવાન (રહે. જુની મસ્જીદ પાછળ, પરબડા)- સાહીલ સાકીરભાઈ મકરાણી (રહે. ક્રિકેટના મેદાન પાસે, ચિસ્તીયાનગર

**હિંમતનગર ગ્રામ્ય પોલીસે રૂ.૩.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો : કોલોનીની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમતા બાતમી....**